Extra No. 317

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 2, 2025 / BHADRA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫

તારીખઃ ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫-ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૫ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૮ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 18 OF 2025.

THE GUJARAT CLINICAL ESTABLISHMENTS (REGISTRATION AND REGULATION) (SECOND AMENDMENT) BILL, 2025.

A BILL

further to amend the Gujarat Clinical Establishments (Registration and Regulation) Act, 2021.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૮.

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૨૫.

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છોંતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે.

સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૨. ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧માં, કલમ ૯માં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૪) આ અધિનિયમના આરંભના સમયે, કોઈ ચિકિત્સા સંસ્થા અસ્તિત્વ ધરાવતી હોય, તો તેના રજિસ્ટ્રેશન માટેની અરજી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં કરવી જોઈશે અને આ અધિનિયમના આરંભ પછી અસ્તિત્વમાં આવે તેવી ચિકિત્સા સંસ્થાએ, કલમ ૧૮ની જોગવાઈઓને અધીન રહીને, તેની સ્થાપનાની તારીખથી છ મહિનાની મુદતની અંદર અથવા તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં, એ બેમાંથી જે મોડું હોય તેટલી મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે.".

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન અને નિયમન માટેની જોગવાઇ કરવા ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ અધિનિયમિત કર્યો છે. સમગ્ર રાજ્યમાં અધિનિયમનું અસરકારક અમલીકરણ કરવાના ઉદ્દેશથી, અધિનિયમ દ્વારા ફરમાવ્યા પ્રમાણેના રજિસ્ટ્રેશન માટે ચિકિત્સા સંસ્થાઓને વધુ વાજબી સમયગાળો પૂરો પાડવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ: ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫. **ઋષિકેશ પટેલ.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.23 12:37:58 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar